| GJBK010017292026 | | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૬/૦૫/૨૦૨૬ | | |
|---|---|---|---|---|---|
| | | ૦૬/૦૫/૨૦૨૬ | ૦૬/૦૫/૨૦૨૬ | | |
| | | ૦૩/૦૮/૨૦૨૬ | ૦૩/૦૮/૨૦૨૬ | | |
| | સત્યમેવ જયતે | સમયગાળો | માસ | દિવસ | વર્ષ |
| | | | ૦૨ | ૨૮ | ૦૦ |

---

**પાલનપુરના મહે. છઠ્ઠા અધિક સત્ર ન્યાયાધીશ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. પાલનપુર.**
**ક્રિમી. અપીલ નં. ૧૭૯/૨૦૨૬**

---

**આંક – ૦૮**

**એપેલેન્ટસ :–** (૧) દેવીચાભાઈ ઉર્ફે દેવાભાઈ બાબુભાઈ ગમાર
(મૂળ આરોપીઓ) ઉ. વ. આ. ૨૫, ધંધો. મજુરી,
રહે. પીંપળા, તા. કોટડા છાવણી,
(૨) તેજાભાઈ હાપીચાભાઈ ગમાર
ઉ. વ. આ. ૨૧, ધંધો. મજુરી,
રહે. બોટી, તા. કોટડા છાવણી,
જિલ્લો. ઉદેપુર (રાજસ્થાન)
હાલ બંને રહે. જિલ્લા જેલ પાલનપુર.

**વિરૂધ્ધ.**

**રીસ્પોન્ડન્ટ :–** શ્રી સરકાર

**અરજ :–** દાંતાના એડી. ચીફ જયુડી. મેજી. શ્રી, ધ્વારા ક્રિમી. કેસ નં. ૧૬૮/૨૦૨૫ ના કામે એપેલેન્ટસ નાઓને તા. ૨૧/૧/ ૨૦૨૬

ના રોજ બી. એન. એસ. એસ. ની કલમ ૨૭૧(૨) અન્વયે બી. એન. એસ. ની કલમ ૩૦૩(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી એપેલેન્ટસ/ આરોપીઓને દોઢ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો ફરમાવેલ હુકમ સામે બી. એન. એસ. એસ. ની કલમ ૪૧૫(૩) મુજબની અપીલ.

**એપેલેન્ટસ તરફે ડે. એલ. એ. ડી. સી. શ્રી એન. જે. શ્રીમાળી.**
**રીસ્પોન્ડેન્ટ શ્રી સરકાર તરફે એ. પી. પી. શ્રી ડી. કે. પુરોહિત.**

**– ઠ રા વ –**

**(૧)** અપીલ વંચાણે લીધી. એપેલેન્ટસ (મૂળ આરોપીઓ) વિરૂધ્ધ દાંતાના મે. એડી. ચીફ જયુડી. મેજી. શ્રીની કોર્ટમાં ક્રિ. કેસ. નં. ૧૬૮/૨૫ થી બી. એન. એસ. ની કલમ ૩૦૩(૨), ૫૪ અન્વયેનો કેસ ચાલી જતાં તા. ૨૧–૦૧–૨૦૨૬ ના રોજ ચુકાદો જાહેર કરવામાં આવેલ જે મુજબ હાલના એપેલેન્ટસ ને બી. એન. એસ. ની કલમ ૩૦૩(૨), ૫૪ મુજબના ગુન્હામાં દોઢ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ જે હુકમ સામે એપેલેન્ટસ દ્વારા બી. એન. એસ. એસ. ની કલમ ૪૧૫(૩) મુજબ હાલની અપીલ દાખલ કરવામાં આવેલી છે.

**<u>ફરિયાદની ટૂંકમાં હકીકત</u>**

**(૨)** આ કામે ફરીયાદપક્ષની ટુંકમાં હકિકત એવી છે કે, તા. ૮/૧૨/૨૦૨૪ રાત્રીના કલાક ૨૨/૦૦ થી તા. ૯/૧૨/૨૦૨૪ ના કલાક ૦૮–૦૦ વાગ્યાના રાત્રી દરમિયાન ફરીયાદીનું સ્પ્લેન્ડર હિરો કાળા કલરનુ સોનેરી પટ્ટાવાળુ મોટર સાયકલ નં. જીજે–૦૮–સીએન–૩૮૩૫ નું જેનો એન્જીન નં. HA11EYN5A61788 તથા ચેચીસ નં. MBLHAW121N5A28437 જેની કિંમત રૂ.૩૫,૦૦૦ / –નું જે ફરીયાદીના ઘરની આગળ પાર્ક કરેલ હતુ જે રાત્રી દરમિયાન હર

કોઈ વખતે આ કામના આરોપીઓ ચોરી કરી લઇ જઇ ગુનો કરવામાં એકબીજાને મદદગારી ગુનો કરેલો.

(૩) આ અપીલના કામે વિદ્ધાન ટ્રાયલ કોર્ટનું રેકર્ડ મંગાવવામાં આવેલ હતુ અને બંન્ને પક્ષના વિ. વ. શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.

**દલીલો**

(૪) એપેલેન્ટસ/આરોપીઓ તરફે વિ. વ. શ્રી એન. જી. શ્રીમાળીએ દલીલ કરેલ છે કે, હાલના કામે એપેલેટની સામે વિ. જયુ. મેજી. ફ. ક. દાંતાની કોર્ટમાં ફો. કેસ નં. ૧૬૮–૨૦૨૫ થી બી. એન. એસ. ની કલમ – ૩૦૩(૨) તથા ૫૪ મુજબના ગુનાઓ સબબની ઇન્સાફી કાર્યવાહી ચાલી જતા ગઇ તા. ૨૧–૦૧–૨૦૨૬ ના રોજ તકસીરવાન ઠરાવી દોઢ વર્ષની સાદી કેદની સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવેલ હતો જે હુકમથી નારાજ થઇ હાલની અપીલ કરેલ છે. અપીલ કર્તા તા. ૦૯–૦૧–૨૦૨૫ થી હાલ સુધી જયુ. કસ્ટડીમાં છે.

(૪.૧) વધુમાં દલીલ કરેલ છે કે, હાલના કામે વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષનું રેકર્ડ જોવામાં આવેતો આંક – ૦૭ થી ફરીયાદીને તપાસવામાં આવેલ છે તેઓને બનાવ બાબતે કોઇ જાતમાહિતી નથી જેથી ફરીયાદીના પુરાવા આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. હાલના કામે ફરીયાદીના ઘરના જે સાહેદોને તપાસવામાં આવેલ છે તેઓને પણ બનાવ બાબતે કોઇ જાતમાહિતી નથી જેથી તેમના પુરાવાથી પણ ફરીયાદપક્ષને મદદ મળતી નથી.

(૪.૨) હાલના કામે ગુનાવાળી જગ્યાના પંચસાહેદોને આંક – ૦૯ તથા આંક – ૧૧ થી તપાસવામાં આવેલ છે તે બંન્ને પંચસાહેદોએ પોતાની જુબાનીમાં ફરીયાદપક્ષના કેસ તથા પંચનામાની હકિકતોને લેશમાત્ર સર્મથન કરેલ નથી અને ફરીગયેલ જાહેર થયેલ છે. તેઓના

પુરાવા આધારે પણ ફરીયાદપક્ષ બનાવવાળી જગ્યા પુરવાર કરી શકેલ નથી.

(૪.૩) હાલના કામે રીકવરી પંચનામાના પંચસાહેદોને આંક – ૧૨ અને ૧૭ થી તપાસવામાં આવેલ છે તેઓએ પણ પંચનામાની હકિકતોને સર્મથન કરેલ નથી અને તેઓના પુરાવાથી હાલના આરોપી પાસેથી કહેવાતુ વાહન કબજે કરવામાં આવેલ હોય તેવી કોઇ હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૪.૪) હાલના કામે ત. ક. અધિકારીને આંક – ૨૦ થી તપાસવામાં આવેલ છે. તેઓની ઉલટ તપાસ જોતા તેઓ આરોપીઓના કબજામાંથી મુદ્ધામાલ મળેલ છે કે કેમ તેના જવાબમાં ખેરોજ પો. સ્ટે. મુકામે આરોપીઓ પાસેથી મુદ્ધામાલ કબજે લીધેલ તે દાંતા પો. સ્ટે. લાવી ગુનાના કામે કબજે કરેલ. વધુમાં એમ પણ કબુલ કરેલ છે કે અમે તપાસ કરવા ગયા ત્યારે આરોપી હાજર ન હતા. આમ સદર ત. ક. અધિકારીની ઉલટ તપાસ જોતા પણ આરોપીઓ પાસેથી મુદ્ધામાલ કબજે કરવામાં આવેલ હોવાનું જણાઇ આવતુ નથી. બીજા પોલીસ અધિકારીની જુબાની આંક – ૨૨ જોતા પણ આરોપીઓને અન્ય ગુનાના કામેથી ટ્રાન્સફર વોરંટ આધારે અટક કરવામાં આવેલ હતા.

(૪.૫) હાલના કામે વિ. ટ્રાયલ કોર્ટ દ્બારા કલમ – ૨૭ મુજબ રીકવરી માનીને સજા કરવામાં આવેલ છે, પરંતુ પંચસાહેદોએ સર્મથન કરેલ નથી અને ત. ક. અધિકારીને તપાસેલ ન હોય તે પંચનામાની વિગતો ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોવા છતા સદર કલમનું ખોટુ અર્થઘટન કરી ખોટી રીતે સજા કરવામાં આવેલ હોય સદર હુકમમાં હસ્તક્ષેપ કરવાને પાત્ર હોય સદર હુકમ રદ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

(૫) સરકાર તરફે વિ. એ. પી. પી. શ્રી ડી. કે. પુરોહિતએ દલીલ કરેલ છે કે, હાલના કામે ફરીયાદ હકિકત જોતા ફરીયાદીનું મોટર સાયકલ ચોરી થયેલ હોવા બાબતે કોઇ તકરાર નથી. સદર વાહન ખેરોજ પો. સ્ટે. ખાતે આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ હોવાની હકિકત પણ હાલના કામે રજુ ડિસ્કવરી પંચનામાના આધારે સ્પષ્ટપણે પુરવાર થાય છે. હાલની ફરીયાદમાં જે રજી. નંબરનું વાહન ચોરી થયેલ હોવાની ફરીયાદ છે તે જ નંબરનું વાહન હાલના આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ છે. હાલના કામે ભલે પંચસાહેદોએ પંચનામાની હકિકતોને સર્મથન કરેલ નથી, પરંતુ ત. ક. અધિકારીની જુબાનીથી સદર પંચનામાની હકિકતો ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. હાલના કામે વિ. ટ્રાયલ કોર્ટ દ્રારા તેઓની સમક્ષ પડેલ પુરાવાઓનું યોગ્ય રીતે અર્થઘટન અને મુલ્યાંકન કરી આરોપીઓને તકસીરવાન ઠરાવવાનો જે હુકમ કરેલ છે તે યોગ્ય અને વાજબી છે અને તેમાં હસ્તક્ષેપ કરવાને પાત્ર જણાઇ આવતુ નથી. જેથી આરોપીઓની હાલની અપીલ ખર્ચ સાથે નામંજુર કરવા અરજ કરેલ છે.

(૬) વિવાદી/આરોપીઓ વિરૂદ્ધ દાખલ થયેલ ઉપરોક્ત ફોજદારી કેસના કામે ફરિયાદ પક્ષે વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ રાખેલ હતો.

(૬.૧) **મૌખિક પુરાવો**

| **અ.નં.** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧ | ફરીયાદી ભગવતભાઇ જેઠાભાઇ ઠાકોર | ૦૭ |
| ૨ | પંચ સાહેદ હાર્દીકકુમાર કનુભાઇ દેવડા | ૦૯ |
| ૩ | પંચ સાહેદ જશવંતભાઇ કનૈયાલાલ ગમાર | ૧૧ |
| ૪ | પંચ સાહેદ સુરજભાઇ લલ્લુભાઇ બજાણીયા | ૧૨ |
| ૫ | સાહેદ રાજેન્દ્રકુમાર મગનજી ઠાકોર | ૧૪ |

| | | |
|---|---|---|
| ૬ | સાહેદ બબુબેન જેઠાજી ઠાકોર | ૧૫ |
| ૭ | સાહેદ જેઠાભાઇ ભીખાભાઇ ઠાકરડા | ૧૬ |
| ૮ | પંચ સાહેદ શંકરભાઇ નાણાભાઇ અંગારી | ૧૭ |
| ૯ | પંચ સાહેદ શૈલેષજી નારાજી ઠાકોર | ૧૯ |
| ૧૦ | ત.ક.અ. મનુભાઇ લાતાભાઇ ખેર | ૨૦ |
| ૧૧ | ત.ક.અ. સરોજબેન મોઘજીભાઇ ચૌધરી | ૨૨ |

(૬.૨) **દસ્તાવેજી પુરાવો**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૦૮ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૦ |
| ૩ | મુદ્દામાલ મોટર સાયકલનું પંચનામું | ૧૩ |
| ૪ | આરોપીઓનું શરીર સ્થિતિનું પંચનામું | ૧૮ |
| ૫ | મોટર સાયકલ એરેસ્ટ કર્યાનું પંચનામું | ૨૧ |

(૭) આ કામે વિ. ટ્રાયલ કોર્ટે નીચે મુજબ મુદ્ધા ઘડેલ હતા.

**મુદા નં. ૧ :–** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૮/૧૨/૨૦૨૪ રાત્રીના કલાક ૨૨/૦૦ થી તા.૯/૧૨/૨૦૨૪ ના કલાક ૦૮–૦૦ વાગ્યાના રાત્રી દરમિયાન ફરીયાદીનુ પોતાનુ સ્પ્લેન્ડર હિરો કાળા કલરનુ સોનેરી પટ્ટાવાળુ મોટર સાયકલ નં. જીજે–૦૮–સીએન– ૩૮૩૫ નુ જેનો એન્જીન નં. HA11EYN5A 61788 તથા ચેચીસ નં. MBLHAW121N5A28437 જેની કિંમત રૂા.૩૫,૦૦૦/ –નુ જે ફરીયાદીના ઘરની આગળ પાર્ક કરેલ હતુ જે રાત્રી દરમિયાન હર કોઈ વખતે આ કામના આરોપીઓ ચોરી કરી લઇ જઇ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી બી. એન. એસ. ની કલમ ૩૦૩(૨), ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

**મુદા નં.૨ :–** શું હકમ ?

(૮) વિ. ટ્રાયલકોર્ટ ધ્વારા ઉભયપક્ષની દલીલો તથા રેકર્ડ ઉપરના પુરાવાને ધ્યાને લઇ ચુકાદામાં જણાવેલ કારણોસર ઉપરોકત મુદ્દાઓ પૈકી મુદ્દા નં. ૧ નો નિર્ણય હકારમાં ઠરાવી, મુદ્દા નં. ૨ અંગે આખરી હુકમ ફરમાવેલ છે જેને હાલની અપીલના કામે પડકારવામાં આવેલ છે.

(૯) આ તબકકે વિ. ટ્રાયલકોર્ટ સમક્ષ રજૂ થયેલ પુરાવો વંચાણે લેવામાં આવેતો નીચે મુજબ છે.

(૯.૧) આંક.૦૭ થી ટ્રાયલ કોર્ટે સદર કેસના ફરીયાદી ભગવતભાઇ જેઠાભાઇ ઠાકોરને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૮/૧૨/૨૪ ના રોજ રાત્રીના આશરે દશેક વાગ્યાના સુમારે હું દાંતા બજારમાંથી મારુ કાળા કલરનું સોનેરી પટ્ટાવાળુ મો.સા. જેનો નં. જી.જે. ૦૮ સી.એન. ૩૮૩૫ ઘરે લઈને આવેલો જે મારા ઘર આગળ પાર્ક કરી અમો સુઈ ગયેલો અને તા. ૯/૧૨/૨૪ ના રોજ સવારના આઠેક વાગ્યાના સુમારે જાગેલ અને જોયેલ તો અમારુ મો.સા. હાજર હતુ નહી. જે તા. ૮/૧૨/૨૪ રાત્રીના કલાક ૧૦–૦૦ તા. ૯/૧૨/૨૪ ના કલાક ૮–૦૦ ના દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમ મારુ મો.સા. જેની કિ.રૂ. ૪૦,૦૦૦/– નું ચોરી કરી લઈ ગયેલ હોય જેની અમોએ શોધખોળ તપાસ કરતા મળી આવેલ ન હોય જેથી અમોએ સદર ચોરી બાબતેની દાંતા પો.સ્ટે. ફરીયાદ આપેલી. મને ફરીયાદની અસલ ઉપર થી ખરી નકલ બતાવવામાં આવે છે. તે જોઈને કહુ છુ કે, તેમાં સહી છે જે મારી છે. જે ફરીયાદની ખરી નકલને રજુ દાખલ આંક. ૪. આપવામાં આવે છે. અમોએ બનાવ સમયે ચોરી કરનાર ઈસમને જોયેલ નહી જેથી હું ઓળખી શકુ નહી.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બાઈક

ચોરનાર કોણ હતા તેને હું ઓળખી શકતો નથી. એ વાત ખરી છે કે, બનાવની મને કોઈ જાતમાહિતી નથી.

(૯.૨) આંક.૦૯ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના પંચ સાહેદ હાર્દીકુમાર કનુભાઇ દેવડાને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, છ–સાત માસ અગાઉ દાંતા ઠાકોરવાસમાં ભગવતભાઈના ઘરે ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા સારુ પોલીસ આવેલી તે વખતે અમોને બોલાવેલા. જ્યાં ભગવતભાઈ ઠાકોરનું સ્પ્લેન્ડર મો.સા. ચોરી થયેલ હોય જે જગ્યાએ પંચનામું કરવા સારુ બોલાવતા અમો ગયેલા. તે વખતે અમારી સાથે જસવંતભાઈ કનૈયાલાલા સોલંકીનાઓ પણ હાજર હતા. જે જગ્યાએ પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય અને તેમાં પોલીસે મારી સહી કરાવેલી. મને ગુનાવાળી જગ્યાનું પંચનામાની અસલ ઉપરથી ખરી નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૨ ઉપર મારી સહી છે. તેમજ પંચ નં. ૧ ઉપર જસવંતભાઈનાઓએ સહી કરેલી. જે મારી સહી હું ઓળખી બતાવુ છુ. જે પંચનામાને રજુ દાખલ આંક.10.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા મેં તેમાં સહી કરેલી. એ વાત ખરી છે કે, અમો કોઈ ગુનાવાળી જગ્યાએ ગયેલા નહી અને પોલીસને અમોએ કઈ લખાવેલુ નહી.

(૯.૩) આંક.૧૧ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના પંચ સાહેદ જસવંતભાઇ કનૈયાલાલ ગમારને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૮/૧૨/૨૦૨૪ ના રોજ ચોરી થયેલ હોય તેના બીજા દિવસે તા. ૯/૧૨/૨૪ ના રોજ અમોને ભગવતભાઈ ઠાકોરના ઘરે પોલીસે અમોને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા સારુ બોલાવેલા. તે વખતે બીજા પંચ તરીકે મારા

મીત્ર હાર્દીક કનુભાઈ દેવડાનાઓ પણ હાજર હતા. જે ભગવતભાઈ ઠાકોરનું સ્પ્લેન્ડર મો.સા. ચોરી થયેલ હોય જે જગ્યાએ પંચનામું કરવા સારુ બોલાવતા અમો ગયેલા. જે જગ્યાએ પોલીસે ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ હોય અને તેમાં પોલીસે મારી સહી કરાવેલી. મને આંક. ૧૦ વાળુ પંચનામું બતાવવામાં આવે છે. જેમાં પંચ નં. ૧ ઉપર મારી સહી છે. તેમજ પંચ નં. ૨ ઉપર હાર્દીકભાઈની સહી કરેલી. જે મારી સહી હું ઓળખી બતાવુ છુ.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, આ કામના ફરીયાદી મારા મીત્ર થાય છે. એ વાત ખરી છે કે, તેના કહેવાથી મેં પંચનામામાં સહી કરેલી. એ વાત ખરી છે કે, પોલીસે લખેલા પંચનામામાં સહી કરવાનું કહેતા મેં સહી કરેલી.

(૯.૪) આંક.૧૨ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના પંચ સાહેદ સુરજભાઈ લહ્લુભાઈ બજાણીયાને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી એકાદ મહીના પહેલા પોલીસે મને દાંતા પોલીસ સ્ટેશનમાં બોલાવી મારી સહીઓ લીધેલી. મારી હાજરીમાં કોઈ પંચનામુ થયેલુ હોય કે કામગીરી થઈ હોય તેવુ બનેલુ કે કેમ તેની મને ખબર નથી. મારી હાજરીમાં એક મોટરસાયકલ કોઈએ રજુ કરેલુ તે વખતે ત્યાં ચારેક વ્યક્તિઓ હાજર હતા. તેમના નામની મને ખબર નથી. આ લોકોને જોયેથી ઓળખી શકુ નહી. મને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૨ તરીકેની મારી સહી ઓળખી બતાવુ છુ. પંચનામુ રજુ દા. આંક. 13

આમ, ઉપરોકત પંચ સાહેદ પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થન નહીં આપતાં, એ. પી. પી. શ્રીએ તેમને સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલી, જે બંને પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળી, એ. પી. પી.શ્રીને ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી. એ. પી. પી. શ્રીએ સાહેદને

વિગતવારના ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછેલ હોવા છતાં કોઈ ફળદાઈ હકીકતો રેકર્ડ પર આવેલ નથી કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે લખેલા કાગળમાં મારી સહી લીધેલી, મે કોઈ પંચનામુ લખાવેલુ નથી.

(૯.૫) આંક.૧૪ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના સાહેદ રાજેન્દ્રકુમાર મગનજી ઠાકારને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી ચાર મહીના પહેલાં દાંતા ગામે અમારા ઘર આંગણામાંથી રાત્રીના સમયે મારા કાકાના દીકરા ભગતભાઇનું મોટરસાયકલ ચોરાઇ ગયેલુ. મોટરસાયકલ ચોરાયુ તે વખતે અમે બધા સુઇ ગયેલા હતા. મોટરસાયકલ કોણ ચોરી ગયુ તેની મને ખબર નથી. આ સિવાય હું બીજુ કશુ જાણતો નથી.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ અંગે મને કોઇ જાતમાહિતી નથી.

(૯.૬) આંક.૧૫ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના સાહેદ બબુબેન જેઠાજી ઠાકોરને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી બે ત્રણ મહીના પહેલાં દાંતા ગામે અમારા ઘર આંગણામાંથી રાત્રીના સમયે મારા દીકરા ભગતભાઈનું મોટરસાયકલ ચોરાઇ ગયેલુ. મોટરસાયકલ ચોરાયુ તે વખતે અમે બધા સુઇ ગયેલા હતા. મોટરસાયકલ કોણ ચોરી ગયુ તેની મને ખબર નથી. આ સિવાય હું બીજુ કશુ જાણતો નથી.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ અંગે મને કોઈ જાતમાહિતી નથી.

(૯.૭) આંક.૧૬ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના સાહેદ જેઠાભાઇ ભીખાભાઇ ઠાકરડાને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી દોઢેક મહીના પહેલાં દાંતા ગામે અમારા ઘર આંગણામાંથી રાત્રીના સમયે મારા દીકરા ભગતભાઈનું મોટરસાયકલ ચોરાઇ ગયેલુ. મોટરસાયકલ ચોરાયુ તે વખતે અમે બધા સુઈ ગયેલા હતા. મોટરસાયકલ કોણ ચોરી ગયુ તેની મને ખબર નથી. આ સિવાય હું બીજુ કશુ જાણતો નથી.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ અંગે મને કોઈ જાતમાહિતી નથી.

(૯.૮) આંક.૧૭ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના પંચ સાહેદ શંકરભાઇ નાણાભાઇ અંગારીને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે મને દાંતા પો.સ્ટે. બોલાવી મારી સહી લીધેલ. બાઈક છોડાવવા માટે સહી કરાવેલી. હું ત્યાં પહોંચેલો ત્યારે પોલીસ સીવાય બીજુ કોઈ હાજર ન હતુ. ગુના બાબતે કોઈ વ્યકિત પકડાઈને આવેલ હોય તેવુ બનેલ નથી. મને પંચનામાની ખરી નકલ બતાવવામાં આવે છે. તેમાં પંચ નં. ૧ તરીકે મારા અંગુઠાનું નીશાન છે. જે પંચનામાને રજુ દાખલ આંક.18

આમ, ઉપરોકત પંચ સાહેદ પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થન નહીં આપતાં, એ. પી. પી. શ્રીએ તેમને સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલી, જે બંને પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળી, એ. પી. પી.શ્રીને ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી. એ. પી. પી. શ્રીએ સાહેદને

વિગતવારના ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછેલ હોવા છતાં કોઈ ફળદાઈ હકીકતો રેકર્ડ પર આવેલ નથી કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, અમોએ તૈયાર પંચનામામાં સહી કરેલ, તે સીવાય હું બીજુ કઈ જાણતો નથી.

(૯.૯) આંક.૧૯ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના પંચ સાહેદ શૈલેષજી નારાજી ઠાકોરને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, આજથી ચારેક મહીના પહેલા પોલીસે મને દાંતા પોલીસ સ્ટેશનમાં પંચ તરીકે બોલાવેલો. ત્યાં મને ત્રણ મોટરસાયકલ બતાવવામાં આવેલા. આ બાઈકમાં એક પ્લેટીના અને એક સ્પેલન્ડર નું હતુ. પંચનામુ થયુ ત્યારે ત્યાં પોલીસના માણસ હાજર હતા. મારી હાજરીમાં કોઈ આરોપીઓની શરીરસ્થિતીનું પંચનામુ થયેલુ નથી. મને આંક ૧૩ થી રજુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં. ૧ તરીકેની મારી સહી ઓળખી બતાવુ છુ.

આમ, ઉપરોકત પંચ સાહેદ પંચનામામાં જણાવેલ હકીકતને સમર્થન નહીં આપતાં, એ. પી. પી. શ્રીએ તેમને સૂચક પ્રશ્નો પૂછવાની પરવાનગી માંગેલી, જે બંને પક્ષકારોના વકીલશ્રીઓને સાંભળી, એ. પી. પી.શ્રીને ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્ન પૂછવાની પરવાનગી આપવામાં આવેલી. એ. પી. પી. શ્રીએ સાહેદને વિગતવારના ઉલટ તપાસમાં પૂછી શકાય તેવા પ્રશ્નો પૂછેલ હોવા છતાં કોઈ ફળદાઈ હકીકતો રેકર્ડ પર આવેલ નથી કે ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે પોલીસે મને લખેલા કાગળમાં સહી કરાવેલી તે સિવાય પંચનામાની વિગતે મને કોઈ જાતમાહિતી નથી.

(૯.૧૦) આંક.૨૦ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના ત.ક.અ. મનુભાઇ લાતાભાઇ ખૈરને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, દાંતા પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં. ૫૪૦/૨૦૨૪, બી.એન.એસ. કલમ ૩૦૩(૨),૫૪ મુજબનો ગુનો નોંધી લઈ પી.એસ.ઓ.શ્રી એ આ ગુનાની તપાસ પી.આઈ.શ્રી એસ.એમ.ચૌધરીને સોંપેલ. ખેરોજ પોલીસ સ્ટેશન તરફથી દાંતા પોલીસ સ્ટેશનમાં મેસેજ આવેલો અને જાણ કરવામાં આવેલી કે આરોપીઓ દેવીચાભાઈ ઉર્ફે દેવાભાઈ બાબુભાઈ ગમાર અને તેજાભાઈ હાપીચાભાઈ પારઘી ને એરેસ્ટ કરવામાં આવેલા છે. આ બંને આરોપીઓ દાંતા પોલીસ સ્ટેશનના ગુનાના પણ આરોપીઓ હોઈ અમોએ આ આરોપીઓના ટ્રાન્સફર વોરંટ મેળવી જ્યુડીશીયલ કસ્ટડીમાંથી મેળવેલા.

આ બંને આરોપીઓને ખેરોજ પોલીસ સ્ટેશનના પી.આઈ.શ્રી દ્વારા કુલ ૨૩ મોટરસાયકલ સાથે એરેસ્ટ કરવામાં આવેલા અને તે બાબતનું વિગતવારનું પંચનામું કરવામાં આવેલુ. જે પંચનામાની ખરી નકલ દાંતા પોલીસ સ્ટેશનના ગુનાના કામે સામેલ રાખવામાં આવેલ. જે પંચનામાની ખરી નકલ રજુ દા.આંક.21

સદરહુ ગુનાના કામે ગુનાવાળી જગ્યાનું વિગતવારનું પંચનામુ દાંતા પોલીસ સ્ટેશનના પી.આઈ શ્રી એસ.એમ.ચૌધરી દ્વારા કરવામાં આવેલુ. જે આંક ૧૦ થી રજુ છે.

અમોએ તા. ૦૭/૦૧/૨૦૨૫ ના રોજ બંને આરોપીઓ પાસેથી કબજે લેવાયેલ મોટરસાયકલ ખેરોજ પોલીસ સ્ટેશનથી દાંતા પોલીસ સ્ટેશન લાવી ગુનાના કામે કબજે લીધેલ અને વિગતવારનું પંચનામું કરેલુ. જે આંક ૧૩ થી રજુ છે.

તા. ૦૯/૦૧/૨૦૨૫ ના રોજ બંને આરોપીઓને બે પંચોની હાજરીમાં અટક કરી શરીરસ્થિતીનું પંચનામુ કરી લીધેલુ. જે આંક ૧૮ થી રજુ છે.

તપાસના કામે જરૂરી સાહેદોના નિવેદન લીધેલા. બંને આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા નામ.કોર્ટ સમક્ષ ચાર્જશીટ દાખલ કરેલુ. બંને આરોપીઓને જોયેથી ઓળખી શકુ. જે આજરોજ નામ.કોર્ટમાં હાજર છે.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે,

સવાલ હાલના આરોપીઓના જાત કબજામાંથી મુદ્દામાલ મળી આવેલ કે કેમ?

જવાબ ખેરોજ પોલીસ સ્ટેશન, સાબરકાંઠા મુકામે આ કામના આરોપીઓ પાસેથી સદરે ગુનાનો મુદ્દામાલ કબજે લીધેલ તે દાંતા પોલીસ સ્ટેશન લાવી ગુનાના કામે કબજે કરેલ.

એ વાત ખરી છે કે અમે તપાસ કરવા ગયા ત્યારે કોઈ આરોપી હાજર ન હતા. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે ગુનાવાળી જગ્યાનું પંચનામુ પંચો રૂબરૂ કરેલ નથી. એ વાત ખરી છે કે તપાસના કામે અમો કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી જુબાની આપુ છુ.

(૯.૧૧) આંક.૨૨ થી વિ. ટ્રાયલ કોર્ટે સદર કેસના ત.ક.અ. સરોજબેન મોઘજીભાઇ ચૌધરીને તપાસેલ છે તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલ છે કે, તા. ૦૯/૧૨/૨૦૨૪ ના રોજ અમો દાંતા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સપેક્ટર તરીકે ફરજ ઉપર હાજર હતા તે દિવસે ભગવતભાઈ જેઠાભાઈ ઠાકોર નામના વ્યક્તિએ તેમનું મોટરસાયકલ ચોરાઈ ગયા બાબતની ફરિયાદ પી.એસ.ઓ રૂબરૂ જણાવેલી. પી.એસ.ઓ.શ્રી એ પાર્ટ એ ૫૪૦/૨૦૨૪, બી.એન.એસ. કલમ ૩૦૩(૨),૫૪ મુજબનો ગુનો નોંધી લીધેલો. જે ગુનાની તપાસ અમારા તરફ કરતા અમોએ બે પંચોના માણસો સાથે રાખી દાંતા ટાઉનમાં રાજમહેલ રોડ પાસે ઠાકોરવાસ વિસ્તારમાં ભગવતભાઈ

જેઠાભાઈના ઘર આગળ જઈ ગુનાવાળી જગ્યાનું વિગતવારનું પંચનામુ કરી લીધેલુ.

મને આંક ૧૦ થી રજુ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં રૂબરૂ તરીકેની મારી સહી ઓળખી બતાવુ છુ.

તપાસના કામે જરુરી સાહેદોના નિવેદનો લીધેલા. આ ગુનાની વધુ તપાસ હેડ.કોન્સ. મનુભાઈ લાતાભાઈને સોંપેલી. આરોપીઓ દેવીચાભાઈ ઉર્ફે દેવાભાઈ બાબુભાઈ ગમાર અને તેજાભાઈ હાપીચાભાઈ પારઘી વિરુધ્ધ પુરતા પુરાવા જણાતા મનુભાઈ લાતાભાઈએ નામ.કોર્ટ રૂબરૂ ચાર્જશીટ રજુ કરેલુ.

બંને આરોપીઓને જોયેથી ઓળખી શકુ. જે આજરોજ કોર્ટરૂમમાં હાજર છે.

ત્યારબાદ આરોપીઓ તરફે વિ. વ. શ્રી ધ્વારા ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હાલના આરોપીઓને સબજેલ, હિંમતનગરથી મનુભાઈ લાતાભાઈએ ટ્રાન્સફર વોરંટથી મેળવેલા. એ વાત ખરી નથી કે હાલના આરોપીઓ પાસેથી કહેવાતો મુદ્દામાલ મળેલ નહી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલુ નથી. એ વાત ખરી નથી કે તપાસના કામે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી નથી કે ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ આરોપીઓ વિરુધ્ધ દાખલ કરેલુ.

(૧૦) અત્રેની કોર્ટ સમક્ષની ક્રિમીનલ અપીલ અંગે નિર્ણય લેવા માટે થઈને વિદ્વાન ટ્રાયલ કોર્ટનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા તથા રજુ થયેલ લેખિત મૌખિક પુરાવાઓનું પુનર્મૂલ્યાંકન કરીને વિદ્વાન ટ્રાયલ કોર્ટનો નિર્ણય યોગ્ય છે કે નહીં તેની ચર્ચા વિચારણા કરવાની રહેતી હોય છે અને તેથી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવે છે.

**મુદ્દાઓ:–**

૧. શું વિદ્વાન ટ્રાયલ કોર્ટનો ચુકાદો ન્યાયિક સિદ્ધાંતો વિરૂદ્ધનો, ભુલ ભરેલો કે ખામી વાળો જણાય છે ? જો હા, તો તેમાં કેટલી હદે ફેરફારની આવશ્યકતા છે ?

૨. શું હુકમ ?

(૧૧) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે.

**નિર્ણયો:–**

૧. હકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**:– કા ર ણો :–**

(૧૨) વિ. ટ્રાયલ કોર્ટના જજમેન્ટનું મુલ્યાંકન કરતા પહેલા એપેલેટ કોર્ટનું જયુરીસ્ડીકશન અને પરીઘી બાબતે ચર્ચા કરવી જરૂરી છે. એપેલેટ જયુરીસ્ડીકશનમાં જયાં સુધી સબઓર્ડીનેટ કોર્ટનો ચુકાદો ગેરકાયદાકીય અથવા ભુલ ભરેલ અથવા મહત્વની અનીયમીતતા અથવા મહત્વના વિરોધાભાષ ના હોય ત્યાં સુધી હસ્તક્ષેપ ન કરવો જોઈએ. જેથી પ્રથમ એપેલેટ કોર્ટે પ્રથમ અપીલ નિર્ણય કરતી વખતે કાયદાકીય પરીસ્થિતી ધ્યાને લઇ નીચેની કોર્ટના પુરાવાનુ મુલ્યાંકન એક વખત કરવુ જોઈએ.

**કાયદાકીય પરીસ્થિતી**

(૧૩) હાલના આરોપીને **બી. એન. એસ. ની કલમ ૩૦૩(૨) મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય તે બાબતે કાયદાકીય પરીસ્થિતી જોવામાં આવેતો નીચે મુજબ છે.**

જો કોઈ વ્યક્તિ ''કોઈ ચલ મિલકત (movable property)'' ને, તેના માલિકની સંમતિ વિના, અપ્રમાણિક ઈરાદાથી (dishonestly) તેના કબજામાંથી ખસેડે અથવા લઈ જાય, તો તે ચોરી કરે છે.

ચોરી સાબિત કરવા માટે સામાન્ય રીતે આ તત્ત્વો જરૂરી છે:–

મિલકત ચલ મિલકત (movable property) હોવી જોઈએ.

તે બીજા વ્યક્તિના કબજામાં હોવી જોઈએ.

માલિકની સંમતિ વગર લેવામાં આવી હોવી જોઈએ.

અપ્રમાણિક ઈરાદો (dishonest intention) હોવો જોઈએ.

મિલકતને ખસેડવામાં (moving the property) આવી હોવી જોઈએ.

**બી. એન. એસ. ની કલમ પ૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવવામાં આવેલ હોય તે બાબતે કાયદાકીય પરીસ્થિતી જોવામાં આવેતો નીચે મુજબ છે.**

દુષ્પ્રેરણ (Abetment) એટલે કોઈ વ્યક્તિ:–

બીજાને ગુનો કરવા માટે ઉશ્કેરે (instigate), અથવા ગુનો કરવા માટે કાવતરું (conspiracy) રચે અને તે દિશામાં કોઈ કાર્ય થાય, અથવા જાણીને મદદ (intentional aid) કરે.

આ પૈકી કોઈપણ રીતે કોઈ વ્યક્તિ ગુનો કરવામાં સહાય કરે, તો તે દુષ્પ્રેરણ (Abetment) ગણાય છે.

**<u>પુરાવાનુ મૂલ્યાંકનઃ–</u>**

**(૧૪)** ઉપરોકત મુજબના ટ્રાયલકોર્ટ સમક્ષ રજુ થયેલ મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું કાયદાકીય પરીસ્થિતી ધ્યાને લઇ મુલ્યાંકન કરવામાં આવે તો,

**(૧૪.૧)** ફરિયાદપક્ષ આરોપીઓ વિરુદ્ધનો આરોપ વાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. ફરીયાદીએ તેની આંક.૭ ની જુબાનીમાં સ્પષ્ટ સ્વીકારેલ છે કે તેણે ચોરી કરનાર કોઈ વ્યક્તિને જોઈ નથી તેમજ બનાવ અંગે તેને કોઈ પ્રત્યક્ષ માહિતી નથી. તેમજ ફરીયાદીએ પોતાની ઉલટતપાસમાં પણ એ હકીકતનો સ્પષ્ટપણે એકરાર કરેલ છે કે, આરોપીઓને તે ઓળખી શકતો નથી.

તદઉપરાંત ફરીયાદપક્ષે તપાસવામાં આવેલા સાહેદો પૈકી ફરીયાદના કુટુંબીજનો તેના માતા–પિતા તથા કાકાના દીકરાએ પણ બનાવ સમયે તેઓ ઊંઘમાં હતા અને બનાવ અંગે તેઓને કોઈ જાતની માહિતી ન હોવાનું જણાવેલ છે. તે સંજોગોમાં ઉપરોકત મહત્વના સાહેદોનો પુરાવો એ આ કામે માત્ર ઔપચારિક સ્વરૂપનો હોવાથી આ કામે આરોપીઓને ગુનામાં સાંકળી શકાય તેમ નથી અને તેઓ ફરીયાદપક્ષના કેસને કોઈ પણ રીતે મદદરૂપ થતા નથી.

**(૧૪.૨)** વધુમાં, ગુનાવાળી જગ્યાના બંને પંચસાક્ષીઓની જુબાની વંચાણે લેતા બનાવ સમયે ફરીયાદીનું મોટરસાયકલ ચોરી થયેલ હોવાની હકીકતો જણાવી તેઓએ ગુનાવાળી જગ્યામાં સહી કરેલ હોવાનું જણાવેલ છે પરંતુ ત્યારબાદ ઉલટતપાસ દરમ્યાન પોલીસે તેઓને એક લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા તેમાં તેઓએ સહી કરેલી તેઓ કોઇ ગુનાવાળી જગ્યાએ ગયેલ નહીં અને પોલીસને તેમણે કંઇ લખાવેલ નથી. આમ ઉપરોકત પંચ સાહેદોની જુબાની ધ્યાનમાં લેતા ફરીયાદપક્ષ આંક. ૧૦ વાળું ગુનાવાળી જગ્યાનું પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે. તદઉપરાંત આંક. ૧૩ વાળા ચોરીમાં ગયેલ મુદ્દામાલ મોટરસાયકલના પંચનામાના પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન નહીં કરતાં તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. આમ મુદ્દામાલ મોટર સાયકલ રીકવરી પંચનામાના પંચ સાહેદોએ પણ પંચનામાની હકીકતોને સમર્થન આપતો પુરાવો આપેલ નથી. તદઉપરાંત આંક.૧૮ થી રજૂ થયેલ આરોપીઓની શરીર સ્થિતિના પંચ સાહેદે પણ પંચનામાની હકીકતોને સમર્થન નહીં કરતાં તેઓને પણ ફરી ગયેલા જાહેર કરેલ છે. તે સંજોગોમાં ફરીયાદપક્ષ ગુનાવાળી જગ્યાનું પંચનામું, શરીરસ્થિતિનું પંચનામું તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું પુરવાર કરવા નિષ્ફળ રહેલ હોવાનું જણાય છે.

**(૧૪.૩)** વધુમાં, આ કામે આંક. ૨૦ થી તપાસેલ આઇ. ઓ. ની જુબાનીનું મૂલ્યાંકન કરતાં પણ એ હકીકત સ્પષ્ટ થાય છે કે હાલના ગુનામાં આરોપીઓને બનાવ વાળી જગ્યાએથી કે તેમના કબજા ભોગવટામાંથી મુદ્દામાલ મોટર સાયકલ સાથે પકડેલા નથી. તેમજ આઇ. ઓ. એ તેમની ઉલટતપાસમાં આરોપીઓ પાસેથી મુદ્દામાલ ખેરોજ પોલીસ સ્ટેશન ખાતે કબજે કરવામાં આવેલ હતો અને ત્યારબાદ તે દાંતા પોલીસ સ્ટેશન લાવી હાલના ગુનામાં કબજે દર્શાવવામાં આવેલ હતો તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે તેમજ તેઓએ એ હકીકતનો પણ સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે કે, જ્યારે તેઓ તપાસ માટે સ્થળ પર ગયા ત્યારે આરોપીઓ હાજર ન હતા તથા તપાસ દરમિયાન કોઈ સ્વતંત્ર સાક્ષીઓના નિવેદનો પણ લીધેલા નથી. તદઉપરાંત આંક. ૨૨ થી તપાસેલ આઇ. ઓ. ની જુબાની વંચાણે લેતા તેઓએ પોતાની ઉલટતપાસ દરમ્યાન આરોપીઓને સબજેલ, હિંમતનગરમાંથી ટ્રાન્સફર વોરંટના આધારે મેળવવામાં આવેલ હતા તેવી હકીકતનો સ્પષ્ટપણે સ્વીકાર કરેલ છે. આમ ઉપરોકત તમામ સંજોગો ધ્યાનમાં લેતા હાલના ગુનામાં આરોપીઓ પાસેથી સીધી અને કાયદેસરની રીકવરી થયેલ હોવાનું ફરીયાદપક્ષ પુરવાર કરવા સદંતર નિષ્ફળ નિવડેલ છે અને સદરહું ત. ક. અધિકારીઓના પુરાવા આધારે પણ આરોપીઓને હાલના ગુનાના કામે સાંકળી શકાય તેમ નથી.

**(૧૪.૪)** આ કામે વાદગ્રસ્ત ચૂકાદો વંચાણે લેતાં ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૨૭ હેઠળ થયેલ ડિસ્કવરીના આધારે ટ્રાયલ વિ. કોર્ટે આરોપીઓને દોષિત ઠરાવેલ છે, પરંતુ સદર બાબતે નામદાર સુપ્રિમ કોર્ટનાં બોબી વિરુધ્ધ સ્ટેટ ઓફ કેરેલાના ક્રિમીનલ અપીલ નં. ૧૪૩૯/૨૦૦૯ – ફેસલ તારીખ ૧૨/૦૧/૨૦૨૩ નો ચુકાદો કે જે એ. આઈ. આર. (એસ.સી.) (ક્રિમીનલ)–૨૦૨૩–

૦–૪૫૨ ઉપર પ્રસિધ્ધ ચુકાદો તે વંચાણે લેતા નામદાર સુપ્રિમ કોર્ટે પેરા નં. ૨૪ થી ૨૬ માં નીચે મુજબ નોંધલ છે.

24. It will also be relevant to refer to the following observations of this Court in the case of State of Karnataka v. David Rozario and Another, (2002) 7 scc 728;

“5. ……This information which is otherwise admissible becomes inadmissible under Section 27 if the information did not come from a person in the custody of a police officer or did come from a person not in the custody of a police officer. The statement which is admissible under Section 27 is the one which is the information leading to discovery. Thus, what is admissible being the information, the same has to be proved and not the opinion formed on it by the police officer. In other words, the exact information given by the accused while in custody which led to recovery of the articles has to be proved. It is, therefore, necessary for the benefit of both the accused and the prosecution that information given should be recorded and proved and if not so recorded, the exact information must be adduced through evidence. The basic idea embedded in Section 27 of the Evidence Act is the doctrine of confirmation by subsequent events. The doctrine is founded on the principle that if any fact is discovered as a search made on the strength of any information obtained from a prisoner, such a discovery is a guarantee that the information supplied by the prisoner is true. The information might be confessional or non-inculpatory in nature but if it results in discovery of a fact, it becomes a reliable information. It is now well settled that recovery of an object is not discovery of a fact envisaged in the section. Decision of the Privy Council in Pulukuri Kottaya v. Emperor [AIR 1947 PC 67 : 48 Cri LJ 533 : 74 IA 65] is the mostquoted authority for supporting the interpretation that

the “fact discovered” envisaged in the section embraces the place from which the object was produced, the knowledge of the accused as to it, but the information given must relate distinctly to that effect. (See State of Maharashtra v. Damu [(2000) 6 SCC 269 : 2000 SCC (Cri) 1088 : 2000 Cri LJ 2301] …...” [Emphasis supplied]

25. A three-Judges Bench of this Court recently in the case of Subramanya v. State of Karnataka7, has observed thus:

“82. Keeping in mind the aforesaid evidence, we proceed to consider whether the prosecution has been able to prove and establish the discoveries in accordance with law. Section 27 of the Evidence Act reads thus:

“27. How much of information received from accused may be proved.— Provided that, when any fact is deposed to as discovered in consequence of information received from a person accused of any offence, in the custody of a police officer, so much of such information, whether it amounts to a confession or not, as relates distinctly to the fact thereby discovered, may be proved.”

83. The first and the basic infirmity in the evidence of all the aforesaid prosecution witnesses is that none of them have deposed the exact statement said to have been made by the appellant herein which ultimately led to the discovery of a fact relevant under Section 27 of the Evidence Act.

84. If, it is say of the investigating officer that the accused appellant while in custody on his own free will and volition made a statement that he would lead to the place where he had hidden the weapon of offence, the site of burial of the dead body, clothes etc., then the first thing that the investigating officer should have done was to call for two

independent witnesses at the police station itself. Once the two independent witnesses would arrive at the police station thereafter in their presence the accused should be asked to make an appropriate statement as he may desire in regard to pointing out the place where he is said to have hidden the weapon of offence etc. When the accused while in custody makes such statement before the two independent witnesses (panchwitnesses) the exact statement or rather the exact words uttered by the accused should be incorporated in the first part of the panchnama that the investigating officer may draw in accordance with law. This first part of the panchnama for the purpose of Section 27 of the Evidence Act is always drawn at the police station in the presence of the independent witnesses so as to lend credence that a particular statement was made by the accused expressing his willingness on his own free will and volition to point out the place where the weapon of offence or any other article used in the commission of the offence had been hidden. Once the first part of the panchnama is completed thereafter the police party along with the accused and the two independent witnesses (panch witnesses) would proceed to the particular place as may be led by the accused. If from that particular place anything like the weapon of offence or blood stained clothes or any other article is discovered then that part of the entire process would form the second part of the panchnama. This is how the law expects the investigating officer to draw the discovery panchnama as contemplated under Section 27 of the Evidence Act. If we read the entire oral evidence of the investigating officer then it is clear that the same is deficient in all the aforesaid relevant aspects of the matter."

26. This Court has elaborately considered as to how the law expects the IO to draw the discovery panchnama as contemplated under Section 27 of the Evidence Act. In the present case, leave aside the recovery panchnama being in accordance with the aforesaid requirement, there is no statement of Boby (accused No. 3/appellant herein) recorded under Section 27 of the Evidence Act. We are, therefore, of the considered view that the prosecution has failed to prove the circumstance that the dead body of the deceased was recovered at the instance of Boby (accused No. 3/appellant herein). ''

આમ ઉપરોકત ચૂકાદામાં ઠરાવેલ સિધ્ધાંત સાથે હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા સ્પષ્ટપણે ઠરાવવામાં આવેલ છે કે કલમ ૨૭ નો લાભ ત્યારે જ ઉપલબ્ધ બને જ્યારે આરોપી પોલીસ કસ્ટડીમાં હોય તે દરમિયાન આપેલ નિવેદનના ચોક્કસ શબ્દો રેકર્ડ પર લાવવામાં આવ્યા હોય તથા તે નિવેદનના આધારે અગાઉ અજાણી અને આરોપીના વિશિષ્ટ જ્ઞાનમાં રહેલી કોઈ નવી હકીકતની શોધ થયેલ હોવાનું કાયદેસર રીતે પુરવાર કરવામાં આવેલ હોય. હાલના કેસમાં આરોપીઓ દ્વારા આપવામાં આવેલ કોઈ ડિસ્કવરી સ્ટેટમેન્ટના ચોક્કસ શબ્દો રેકર્ડ પર ઉપલબ્ધ નથી. વધુમાં, કલમ ૨૭ મુજબ આવશ્યક પ્રાથમિક ડિસ્કવરી પંચનામું પણ કરવામાં આવેલ હોવાનું પુરવાર થતું નથી. તેથી માત્ર રીકવરીના આધારે કલમ ૨૭ નો લાભ ફરીયાદપક્ષને મળી શકે તેમ નથી. વધુમાં, આંક-૨૧ થી રજૂ થયેલ મોટરસાયકલ કબજે કર્યાના પંચનામાનું અવલોકન કરતાં જણાય આવે છે કે હાલના બે આરોપીઓ ઉપરાંત અન્ય બે વ્યક્તિઓ પાસેથી પણ કુલ ૨૩ મોટરસાયકલ કબજે કરવામાં આવેલ હોવાનું દર્શાવવામાં આવેલ છે, પરંતુ કયા આરોપીએ કયુ વાહન કયાંથી કેવી રીતે ચોરી કરેલ તેવી કોઇ હકિકત ફરીયાદપક્ષ જણાવી શકેલ

નથી અને સદર કુલ – ૨૩ વાહનો ચોરી કરવામાં કુલ – ૦૪ જણા સંડોવાયેલ હતા તેમ છતાં અન્ય બે વ્યક્તિઓને હાલના ગુનામાં આરોપીઓ તરીકે શા માટે સમાવેશ કરવામાં આવેલ નથી તે અંગે પણ ફરીયાદપક્ષ દ્વારા કોઈ ખુલાસો આપવામાં આવેલ નથી. આ સંજોગોમાં હાલના આરોપીઓના વિશિષ્ટ કબજામાંથી ફરીયાદીનું મોટરસાયકલ મળી આવેલ હોવાનું નિઃશંકપણે કહી શકાય તેમ નથી. અત્રે એ હકીકત નોંધનીય છે કે હાલના કામે ચોરીમાં ગયેલ મોટર સાયકલ સહિત કુલ – ૨૩ જેટલા ચોરીમાં ગયેલ વાહનો હાલના આરોપીઓ તથા અન્ય બે ઈસમો પાસેથી કબજે કરેલ હોવાનો ફરીયાદપક્ષનો કેસ છે અને તે વાહનો ખેરોજ પો. સ્ટે. ખાતે કબજે લેવામાં આવેલ હતા, પરંતુ હાલના કામે ચોરીમાં ગયેલ મોટર સાયકલ કબજે કરેલ તે પંચનામાના ત. ક. અધિકારી કે પંચસાહેદોને પણ ફરીયાદપક્ષે તપાસેલ ન હોય તે પંચનામાની હકિકતો પણ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવળેલ હોવાનું જણાય છે અને તેના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, ઉપરોક્ત તમામ સંજોગોમાં માત્ર પોલીસ અધિકારીઓની જુબાનીના આધારે આરોપીઓને દોષિત ઠરાવવું ફોજદારી કાયદાના સ્વીકૃત સિદ્ધાંતો સાથે સુસંગત ગણાવી શકાય તેમ નથી. તેથી વિદ્વાન ટ્રાયલ કોર્ટ દ્વારા કલમ ૨૭ નું કરાયેલ અર્થઘટન તથા તેના આધારે આપવામાં આવેલ સજાનો હુકમ પણ કાયદેસર ટકવા પાત્ર નથી.

**(૧૪.૫)** ફોજદારી ન્યાયશાસ્ત્રનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે આરોપી સામેનો ગુનો વાજબી શંકાથી પર નિઃશંકપણે પુરવાર કરવાનો ભાર સંપૂર્ણપણે ફરિયાદપક્ષ ઉપર રહે છે અને પુરાવામાંથી બે સંભવિત અભિપ્રાયો નીકળતા હોય તો આરોપીને અનુકૂળ અભિપ્રાય સ્વીકારવાનો રહે છે. હાલના કેસમાં કોઈ નજરેજોનાર સાહેદ નથી, ફરીયાદી આરોપીઓને ઓળખતા નથી, આ કામે ફરીયાદપક્ષે

તપાસવામાં આવેલ પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન નહીં કરતા તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે તેમજ ફરીયાદપક્ષ તરફે આ કામે એવા કોઈ જ તટસ્થ અને સ્વતંત્ર સાહેદોના નિવેદનો નોંધેલ હોય અને તેઓને આ કામે સાક્ષી તરીકે તપાસેલા નથી કે, જેથી ફરીયાદપક્ષે કહેવાતી રીકવરી કે ડિસ્કવરી કાયદેસર રીતે પુરવાર થયેલ હોય તેમ માની શકાય.

**(૧૪.૬)** આમ વિ. ટ્રાયલ કોર્ટ દ્વારા ફોજદારી કેસ નં. ૧૬૮/૨૦૨૫ ના કામે તા. ૨૧/૦૧/૨૦૨૬ ના રોજ આરોપીઓને બી.એન.એસ. કલમ ૩૦૩(૨) તથા ૫૪ હેઠળ તકસીરવાન ઠરાવી સજા ફરમાવતો હુકમ કાયદેસર ટકી શકે તેમ ન હોવાથી તે રદ બાતલ કરવામાં આવે છે. હાલની અપીલ મંજૂર કરવામાં આવે છે. એપેલેન્ટસ ને તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કરી મુક્ત કરવામાં આવે. જો તેઓ અન્ય કોઈ ગુનામાં જરૂરી ન હોય તો તેમને તાત્કાલિક મુક્ત કરવામાં આવે. જામીન બોન્ડ, જો કોઈ હોય, તો રદ ગણવામાં આવે તથા મુદ્દામાલ અંગે ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ યથાવત્ રાખવામાં આવે અથવા કાયદા મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવે.

**(૧૫)** ઉપરોકત વિગતે કરેલ ચર્ચા, કેસની હકિકત અને સંજોગો, કેસનું રેકર્ડ, તારણો, કારણો તેમજ પડેલ પુરાવાઓનું ફરેમુલ્યાંકન (re-apprication) કરતા ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ નિર્ણય ભુલભરેલ જણાય છે અને તેઓએ પુરાવાને ખોટી રીતે વાંચ્યો છે અને સબંધિત કાયદાની જોગવાઇઓ તપાસવામાં પણ નિષ્ફળ ગયેલ છે અને તેથી આરોપીઓને દોષીત ઠરાવતા તેમના ચુકાદામાં હસ્તક્ષેપ કરવો જરુરી જણાઈ આવતુ હોય તે રીતે મુદ્દા નં. ૧ નો

જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**આ ખ રી હુ ક મ**

(૧) એપેલેન્ટસ/આરોપીઓની હાલની અપીલ આથી મંજુર કરવામાં આવે છે.

(૨) દાંતાના એડી. ચીફ જયુડી. મેજી. શ્રી, ધ્વારા ક્રિમી. કેસ નં. ૧૬૮/ ૨૦૨૫ ના કામે એપેલેન્ટસ નાઓને તા. ૨૧/૧/ ૨૦૨૬ ના રોજ આંક. ૨૩ થી બી. એન. એસ. એસ. ની કલમ ૨૭૧(૨) અન્વયે બી. એન. એસ. ની કલમ ૩૦૩(૨), ૫૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી એપેલેન્ટ/ આરોપીઓને દોઢ વર્ષની સખત કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવેલ **તે આથી રદ યાને (સેટેસાઇડ) કરવામાં આવે છે** અને **આરોપીઓને બી. એન. એસ. એસ. ની કલમ ૩૦૩(૨), ૫૪ અન્વયે પુરાવાના અભાવે એપેલેન્ટસ/આરોપીઓ ને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.**

(૩) આરોપીઓના બેઇલ/બોન્ડ આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે તથા આરોપીઓએ દંડની રકમ જમા કરાવેલ તે અપીલ સમયપુર્ણ થયે પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) સદર કામે ફરીયાદપક્ષ દ્વારા સદર ચુકાદાની વિરુધ્ધ નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ અપીલ કરવામાં આવે તે સંજોગોમાં આરોપીની હાજરી સીકયોર થઇ શકે તે સારુ ક્રિ. પ્રો. કોડની કલમ – ૪૩૭(એ) અન્વયે અપીલ સમય માટે રુ. ૨૦,૦૦૦/– (અંકે રુપીયા વિસ હજાર પુરા) ના જાત મુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ ચુકાદાની એક નકલ સાથે વિ. ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ તાત્કાલિક પરત મોકલવું.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

મું. પાલનપુર.
તા. ૦૩/૦૮/૨૦૨૬

(ધર્મેન્દ્ર સુખવાસીભાઈ શ્રીવાસ્તવ)
છઠ્ઠા એડિશનલ સેશન્સ જજ,
બનાસકાંઠા–પાલનપુર.
કોડ નં.જી.જે.૦૦૮૧૯